પંડિત શ્રી કીર્તિવિજયજી વિરચિત

# ક્રોધ-માન-માયા-લોભ ચઉપઈ

સંપાદક—પૂજ્ય પંન્યાસ શ્રી રમણીકવિજયજી ગણિ

ચાર કષાયોના અવગુણ વર્ણવી એનાથી છુટકારો મેળવવાનું ઉદ્બોધન કરતી આ નાની સરખી કાવ્યકૃતિ જેટલી સમજવામાં સરળ છે એટલી જ વાંચવામાં સરસ–મધુર છે. એમાં અનેક કથાપ્રસંગોના સંકેતો જોવા મળે છે. આના કર્તા પંડિત શ્રી કીર્તિવિજયજી મહારાજ છે. તેઓએ સંવત ૧૮૩૫માં, વાગડ દેશમાં આની રચના કરી હતી. આ મુનિવર સંબંધી કે એમની બીજી કૃતિઓ સંબંધી કશી માહિતી મળી શકી નથી. છૂટા એક હસ્તલિખિત પાના ઉપરથી આ રચના અહીં આપવામાં આવી છે.

॥ અથ ચઉપઇ ॥

પહેલો સરસતી લીજે નામ, ચોવીસ જિનને કરું પ્રણામ;
ક્રોધ માન માયા ને લોભ, ભાખું અર્થ કરી થિર થોભ. ૧

ક્રોધ

ક્રોધે તપ કીધો પરજલે, ક્રોધે કર્મ ઘણેરાં ફલે;
ક્રોધે કરણી રૂડી જાય, ક્રોધે સમતારસ સુકાય. ૨

ક્રોધતણે વસ કાંઈ નવ ગણે, માતપિતા ને ગુરુ અવગણે;
ક્રોધે પંચેંદ્રી મુઝાય, ક્રોધે ઝેર ઘણેરો થાય. ૩

ક્રોધે વિકથા વાધે ઘણી, ક્રોધે કર્મ નિકાચિત ભણી;
ક્રોધે બે બાંધવ આફલે, ક્રોધે ભરત બાહુબળ લડે. ૪

ક્રોધે અચ્ચંકારી ભટ્ટા, ક્રોધે પતિસુ કરી ખટપટા;
ક્રોધે અર્જુનમાલી નામ, મહાવીર કીધો સુભ ઠામ. ૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ક્રોધે કૂડકપટ કેલવે, ક્રોધે દુર્ગતિ અતિ મેલવે;
ફરસરામ ફરસી ફેરવે, ક્રોધે શંભુ હલ મેલવે. ૬
ક્રોધે બ્રહ્મદત્ત થયો કઠોર, બ્રાહ્મણ ડોલા કાઢ્યા જોર;
ક્રોધે સાસૂય થઈ નણંદ, સુભદ્રાસુ કીધો ફંદ. ૭
ક્રોધે કાઠા કર્મનો બંધ, ક્રોધે ઘરમાં પેસે ધંધ;
ક્રોધે ચેડો તે મહારાય, હલ-વીહલમાં સમરે જાય. ૮
ક્રોધે કુણીક કટકી કરે, ભાજી વિસાલા પાછો ફરે;
ક્રોધે લક્ષ્મણ ને વળી રામ, ક્રોધે રાવણ ટાલ્યો ઠામ. ૯
ક્રોધ તણી છે મોટી વાત, કોઈ ન કરજો એહની વાત;
ક્રોધે કર્મ ઘણાં બંધાય, ક્રોધે દુર્ગતિ પડવા જાય. ૧૦
તેહ ભણી સહુ છોડો ક્રોધ, સુખ નિરાબાધ લહો વલી બોધ;

## માન

માન તણી હવે સુણજો વાત, માન તજે તે સબલ સુજાત. ૧૧
માને માન તુરંગમ ચડે, માને મોહજાલમાં પડે;
માને નીચ કુલ અવતરે, માને વિનય મૂલ નવિ જડે. ૧૨
માને ચઉગઇગત અનુચરે, માને જંબુક ભવમાં ફરે;
સાંબ પ્રદ્યુમન કહ્યા કુમાર, માને સ્યાલ તણો અવતાર. ૧૩
માને બલિરાજા નિરધાર, બ્રાહ્મણ સ્વરૂપ કહ્યો મોરાર;
માને ગયંદ તણો છે જોર, બાહુબલ છંડો એક ઠોર. ૧૪
માન તણી છે વધતી વેલ, માને માર્યા દુઃખની રેલ;
માને વીરમતી તે નાર, ચંદને કીધો કૂકડ સાર. ૧૫
પ્રેમલાલચ્છી હાથે ચડી, સુરજકુંડ કીધો ભવ ફરી;
માને દુર્યોધન દુઃખ લહે, માને સરપની ઓપમા લહે. ૧૬
માને ધરમ ન પામે કદા, માને કર્મ બંધાયે સદા;
માને માનવ ગહલો હોય, માને ભવ ફરસે સહુ કોય. ૧૭
માને બુદ્ધ ગલે નર સોઇ, માન તજે તે સુખિયો હોઈ;
માન તણી જે એ ગત કહી, ધરમી નર તે સુણજો સહી. ૧૮

## માયા

હવે માયાનો કહું વિચાર, માયા નરકતણો છે બાર;
માયા–મોસ તણા છે દોસ, માયા કર્મતણો કરે પોષ. ૧૯
માયા–કપટે મલ્લીનાથ, માયા મોહતણો છે સાથ;
માયા કૂડ–કપટ કેલવે, માયા ભુંડી ગત મેલવે. ૨૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માયા માનવ જૂઠો લવે, માયા નર નારીને ભવે;
માયા અષાઢાભૂત મુણિંદ, માયા લાડુ વોહર્યા ફંદ. ૨૧

માયા મોટો છે મકરંદ, માયા પડિયો સૂરજ—ચંદ;
માયા ફંદતણી છે જાલ, માયા સિંહતણી છે ચાલ. ૨૨

માયા અધિક કરે ઉફંડ, માયા કર્મતણો છે કુંડ;
માયા માનવધર્મ ન થાય, માયા પુણ્ય કરે અંતરાય. ૨૩

માયા ચોરી જારી કરે, માયાએ વીખુટો મરે;
છોટા મોટા માયા ધરે, માયા સબ સંસારી ફરે. ૨૪

માયા જાલે વાધ્યો જીવ, માયા પ્રાણી કરતો રીવ;
અરથ કહ્યો માયાનો સાર, લોભતણો હવે કહું વિસ્તાર. ૨૫

## લોભ

લોભે લક્ષણ જાયે સહુ, લોભે પડીયા દાનવ બહુ;
લોભે લોભ ઘણેરો થાય, લોભે નરનારી ઊજાય. ૨૬

લોભે ગાંડો ગહેલો હોય, લોભે ધર્મ ન જાણે કોય;
લોભે સાગરદત્ત જલ પડયો, લોભે સુભૂમ ચક્રી નડયો. ૨૭

લોભે સંચો ધનનો કરે, માખી જીમ મહુઆલે ફરે;
લોભે ધન નવિ ખરચે વલી, વાગુલ ભવ પામે તે ફરી. ૨૮

લોભે દેશ પરદેશે જાય, લોભે નરનારી અફલાય;
પુણ્ય હોવે તો પામે વલી, બેઠા ધર્મ કરે કેલવી. ૨૯

ક્રોધ લોભનો છોડો પાસ, શ્રાવક ધર્મ કરો ઉલ્લાસ;
લોભે નાના મોટા જીવ, લોભે કાર્ય કરે સદીવ. ૩૦

લોભતણી ગત છાંડો સાર, તીર્થયાત્રા કરો ઉદાર;
અઢાર પાંત્રીસ વરસ મઝાર, વાગડ દેશ વડો છે સાર. ૩૧

દેવદર્શન ગુરુ પંડિત રાય, 'કીર્તિવિજય' હરખે ગુણ ગાય;
ઋદ્ધિ વૃદ્ધિ પામે તે સદા, નરક નિગોદે નાવે કદા. ૩૨

॥ ઇતિ ક્રોધ-માન-માયા-લોભ ચઉપઈ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org